DCW-190101010101020202 Seat No. ______

# B. A. (Sem. I) (CBCS) (W.E.F. 2019) Examination

**August - 2022**

## Gujarati : Paper-2

*(ગુજરાતી વ્યાકરણ, સર્જન, લેખન કૌશલ-૧)*

*(New Course) (Optional) (Core)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) દસ પ્રશ્નોમાંથી કોઈપણ પાંચના ઉત્તર લખવા.
(2) દરેક પ્રશ્નના ગુણ 14 (ચૌદ) છે.

**1** 'મારા બાળપણનાં સ્મરણો' - વિષય પર નિબંધ લખો.

**2** 'કોરોનાની જનજીવન પર થયેલી અસર' - વિષય પર નિબંધ લખો.

**3** તમારા વિસ્તારની ખુલ્લી જગ્યામાં જાહેર બગીચો બનાવવા તથા તેમાં કસરતનાં સાધનો મૂકવા માટે નગરપાલિકાને અરજી કરો.

**4** ઉચ્ચતર માધ્યમિક શાળામાં ગુજરાતી વિષયના શિક્ષકની જગ્યા માટે તમારી ઉમેદવારી નોંધાવવા અરજી કરો.

**5** હોસ્ટેલમાં રહેતી નાનીબહેનને અભ્યાસ સાથે જીવન ઉપયોગી ઈતર પ્રવૃત્તિમાંથી અર્થોપાજન કરવાનું માર્ગદર્શન આપતો પત્ર લખો.

**6** ગુજરાતી વિષયના નવા અભ્યાસક્રમનાં પુસ્તકો તેમજ તેનાં સંદર્ભપુસ્તકોની યાદી તૈયાર કરી, તે પુસ્તકો વસાવવાની વિનંતી કરતો એક પત્ર તમારા પિતાશ્રીને લખો.

**7** નીચેના દરેક શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :
કૃષ્ણ, ગળું, જ્ઞાન, યજ્ઞ, વરસાદ, ગુફા, જુનવાણી,
ઝડપ, વાંદરો, ગરીબ, કૂતરો, ગાય, વસ્ત્ર, મહાદેવ

**8** નીચેના દરેક શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :
વાત્સલ્ય, પાનખર, દેવ, નિકટ, સંયોગ, અમી, ઉપકાર,
લઘુ, સંગતિ, સંવાદ, ક્ષય, પ્રત્યક્ષ, ઉત્થાન, આદાન

9 નીચેના બંને પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

(a) નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(1) સૂચિત કે નિહિત અર્થ
(2) રણમાં રેતી ઊડીને થતો ઢગલો
(3) પદ પરથી દૂર કરાયેલું
(4) જમા ઉધારનું તારણ
(5) રાતે ન જોઈ શકે તેવું
(6) જેમાંથી વસ્તુ લેવા છતાં ખૂટે જ નહિ તેવું વાસણ
(7) કુસ્તી કરવા માટે બનાવેલી જગ્યા

(b) નીચેના દરેકના વર્ણભેદ-અર્થભેદ સ્પષ્ટ કરો.

(1) હરમ-હરામ
(2) કૂચી-કૂંચી
(3) રગ-રંગ
(4) કુચ-કૂચ
(5) પાસ-પાશ
(6) ચીડ-ચિડ
(7) જાળ-ઝાળ

10 નીચેના બંને પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

(a) નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(1) રંગભૂમિનો પરદો
(2) ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતું દાન
(3) ગુપ્ત રાખવા યોગ્ય
(4) હસતાં ગાલમાં પડતો નાનો ખાડો
(5) પોતાની મેળે સેવા આપવા તત્પર
(6) દીકરીની દીકરી
(7) જેનો કોઈ શત્રુ નથી તે

(b) નીચેના દરેકના વર્ણભેદ-અર્થભેદ સ્પષ્ટ કરો.

(1) કંકણ-કંકર
(2) લક્ષ-લક્ષ્ય
(3) જડી-ઝડી
(4) મરવું-મળવું
(5) વારવું-વાળવું
(6) સુર-સૂર
(7) મહી-મહીં